BAOU
Education
for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

"જ્યોતિર્મય" પરિસર, એસ-જી હાઈવે, છારોડી, અમદાવાદ - ૩૮૨૪૮૧

Email: info@baou.edu.in | Website: www.baou.edu.in

નં.બાઆંઓયુ/રજી/વહી/ ૩૧૫ /2022.　　　　　　　　　　　　તા.04/08/2022.

# પરિપત્ર

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને સ્થાપનાના 28 વર્ષ બાદ પ્રથમ સાયકલમાં જ NAAC મુલ્યાંકન અંતર્ગત A++ ગ્રેડ પ્રાપ્ત થયેલ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી NAAC મુલ્યાંકન અંતર્ગત A++ ગ્રેડ મેળવનાર ગુજરાતની પ્રથમ સ્ટેટ યુનિવર્સિટી તથા ભારતની પ્રથમ સ્ટેટ ઓપન યુનિવર્સિટી છે. યુનિવર્સિટીની આ સિદ્ધિને માનનીય મુખ્ય મંત્રીશ્રી તેમજ રાજ્ય સરકારશ્રી તથા શિક્ષણવિભાગ દ્વારા બિરદાવવામાં આવેલ છે

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં જ્યોતિર્મય વિદ્યા પરિસરના કશ્યપ સભાગૃહમાં તા.13/08/2022, શનિવારના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય શિક્ષણ મંત્રીશ્રી આદરણીય શ્રી જીતુભાઈ વાઘાણી સાહેબ અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી (રાજય કક્ષા) આદરણીય શ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબ યુનિવર્સિટીને પ્રાદેશિક કેન્દ્ર અર્થે ભાવનગર, પાલનપુર, સુરત અને ભૂજમાં મળેલ જમીનનું ભૂમી પૂજન કરવા પધારી રહ્યા છે. આ કાર્યક્રમ ધ્યાને લઈ તા.13/08/2022, શનિવારના રોજ યુનિવર્સિટીનું કાર્ય રાબેતા મુજબ ચાલુ રહેશે જેની સામે તા.20/08/2022 શનિવારના રોજ રજા જાહેર કરવામાં આવે છે.

યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રી/વિભાગીય વડાશ્રીઓને જણાવવાનું કે આ બાબતની જાણ આપના વિભાગના સર્વે કર્મચારીશ્રીઓને આપની કક્ષાએથી કરશો.

સદર પરિપત્ર સંબંધિત ફાઇલ પર માનનીય કુલપતિશ્રીની મંજૂરી મેળવીને બહાર પાડવામાં આવે છે.

B. Trivedi

ડૉ. ભાવિન ત્રિવેદી
કા. કુલસચિવ

નકલ સવિનય રવાના:-

1. સર્વે નિયામકશ્રીઓ, શૈક્ષણિક કર્મચારીશ્રીઓ અને બિન શૈક્ષણિક કર્મચારીશ્રીઓ અને તમામ વિભાગો , તમામ રીજનલ કેન્દ્રો
2. કમ્પ્યુટર વિભાગ- વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.